# PRACTICAL PAPAR-1

## Drafting, Pleading and Conveyance

(Gujarati Version)

### સિવિલ ડ્રાફ્ટીંગ :

| | |
|---|---|
| (1) | લેણી રકમ વસુલમેળવાનો દાવો તૈયાર કરો. |
| (2) | છળમય ~~[illegible]~~ હસ્તાંતર રદ કરવાનો દાવો દાખલ સામે જવાબ તૈયાર કરો. |
| (3) | લગ્ન વ્યર્થ ઠરાવવા માટેની અરજી તૈયાર કરો. |
| (4) | એક તરફી હુકમનામું રદ કરવાની અરજી તૈયાર કરો. |
| (5) | લઘુવાદ અદાલતે લેણી રકમનાં કરી આવેલ હુકમનામાં સામે રીવીઝન અરજી તૈયાર કરો . |
| (6) | રીટ અરજી બંદી પ્રત્યક્ષિકરણ. |
| (7) | લેણી રકમ વસુલ મેળવ્યા દરખાસ્ત અરજી તૈયાર કરો. |
| (8) | પુસ્તકના કોપીરાઈટનાં ભંગ બદલ દાવો દાખલ કરો. |
| (9) | ભાગીદારી વિસર્જનનાં દાવામાં પ્રતિવાદીનું લેખિત નિવેદન તૈયાર કરો. |
| (10) | મોટર અકસ્માત અન્વયે ઉભા તથા દાવામાં વળતર મેળવવાની અરજી તૈયાર કરો |

### ફોજદારી ડ્રાફ્ટ :

| | |
|---|---|
| (1) | BNS ની. ક.309(4) હેઠળની ફરિયાદ તૈયાર કરો. |
| (2) | B.N.S.S ની ક.480 હેઠળ જમીન અરજી તેયાર કરો.(બિન જામીનપાત્ર) |
| (3) | B.N.S.S ની ક.144 હેઠળ માતા-પિતાની ભરણ-પોષણ અરજી તૈયાર કરો. |
| (4) | B.N.S.S ની ક.408 હેઠળ અન્ય કોર્ટમાં તબદીલ કરવાની અરજી તૈયાર કરો. |
| (5) | ચોરીનાં ગુનાસર થયેલ કેદની સજા સામે અપીલ તૈયાર કરો.(380) |

### દસ્તાવેજ લેખન :

| | |
|---|---|
| (1) | પુરક વસીયત. |
| (2) | ખાસ મુખત્યાર નામું |
| (3) | બક્ષીસ દસ્તાવેજ |

Scanned with ACE Scanner

| | |
|---|---|
| (4) | દત્તક વિધાનનો દસ્તાવેજ |
| (5) | મકાન ભાડે આપવાનો દસ્તાવેજ |
| (6) | ~~લેણી રકમ દસ્તાવેજ~~ ભાગીદારી વિસર્જનનો દસ્તાવેજ |
| (7) | કબ્જા ગીરો દસ્તાવેજ |
| (8) | મિલકત વેચાણનો કરાર (બાનાખત) |
| (9) | વચન ચિઠ્ઠીનો દસ્તાવેજ |
| (10) | ટ્રસ્ટનો દસ્તાવેજ |
| (11) | મકાનનો દસ્તાવેજ |
| (12) | જ્ઞાતિ નાં રીવાજ મુજબ છૂટાછેડાનો દસ્તાવેજ |
| (13) | લગ્ન નોધણીનો દસ્તાવેજ |
| (14) | લેણી રકમનો દસ્તાવેજ |

(15) મોસમી ધંધા માટે નો ભાગીદારી દસ્તાવેજ લખવો

સુચના:-

૧. લેસર પેપર પર લખાણ કરવું જરૂરી નથી.

૨. લીગલ સાઈઝ પેપરની જગ્યાએ એ-૪ સાઈઝ પેપર ચાલશે.

૩. પેપરની બન્ને સાઈડ લખાણ ચાલશે.

Scanned with ACE Scanner

# વિધિબેન જે. જુલાસણા વિ. વિપુલભાઈ બી. કાપડિયા

**ફરિયાદ પક્ષની વિગત –**

આ કામના અરજદાર વિધિબેન જે. જુલાસણાએ સામાવાળા વિપુલભાઈ બી. કાપડિયા સાથે રજીસ્ટ્રડ લગ્ન કરેલા છે. અરજદારને સામાવાળાને પ્રથમ લગ્ન ની જાણ હતી. અરજદારને લગ્ન પછી થોડો સમય સારી રીતે રાખ્યા બાદ સાસરિયા તરફથી શારીરિક-માનસિક ત્રાસ આપતા તેણી પતિ સાથે બીજા ગામ રહેવા ગયેલ, પરંતુ ત્યાં પણ પતિનો ખૂબ શારીરિક-માનસિક ત્રાસ સહન કર્યો. આ બાદ પતિએ તેમનો, ઘરેથી રહેઠાણ કે ખાવા-પીવાની વ્યવસ્થા કર્યા વગર ત્યાગ કરેલ.

અરજદારના જણાવ્યા મૂજબ તેમના પતિ આશરે માસિક રૂપિયા ૧,૦૦,૦૦૦ પૂરા ની આવક ધરાવે છે તેમજ જમીન નું વેચાણ કરેલ છે જેની રકમ રૂપિયા ૭૦,૦૦,૦૦૦ પૂરા છે. આ ઉપરાંત, તેમના પતિ કાર પણ ધરાવે છે. પતિ ઉપર અરજદાર સિવાય કોઈની જવાબદારી પણ નથી. અરજદારે ભરણપોષણ પેટે રૂપિયા ૪૦,૦૦૦ પૂરા ની માગણી કરેલ છે. ઘરેલું હિંસા અધિનિયમ,૨૦૦૫ ની કલમ ૧૮ થી ૨૨ હેઠળની તમામ દાદ મેળવવા અરજી કરેલી છે.

સામાવાળા આ બાબતે જણાવે છે કે તેમણે અરજદારનો ત્યાગ કરેલ નથી. તેઓ માસિક રૂપિયા ૮,૦૦૦ પૂરા માત્ર કમાય છે, જેમાંથી પ્રથમ પત્ની કે જેમની સાથે તેમના છૂટાછેડા થયેલા છે તેમણે ભરણપોષણ પેટે માસિક રૂપિયા ૩,૦૦૦ તેમજ પ્રથમ લગ્નથી દીકરી ચાર્મી નાં અભ્યાસ પેટે વાર્ષિક રૂપિયા ૩૮,૦૦૦ ચુકવે છે અને બીમાર વૃધ્ધ માતા-પિતાનું ભરણપોષણ પણ કરે છે. આ ઉપરાંત જણાવે છે કે અરજદાર ડ્રેસ-મટીરીયલ વેચાણ નો ધંધો કરી માસિક રૂપિયા ૧૫,૦૦૦ પૂરા કમાય છે તેમજ ચેરીટેબલ ટ્રસ્ટ માં પ્રમુખ-પદ ધરાવતા હોવાથી માસિક રૂપિયા ૫,૦૦૦ પૂરા મેળવે છે. આથી જણાવેલ કાયદા ની કલમ ૧૮ થી ૨૨ હેઠળની કોઈ પણ દાદ મેળવવા હકદાર નથી.

કોર્ટની જૂબાની દરમિયાન અરજદારે રજૂ કરેલ પૂરાવાઓ મૂજબ સાહેદો ની તપાસ પણ કરેલ. પરંતુ અરજદાર દ્વારા સામાવાળાની કોઈ ચોક્કસ આવક સાબિત કરેલ નથી તેમજ સામાવાળાએ પણ પોતાની આવક પુરવાર કરેલ નથી. ઉપરાંત, સાહેદો અને રજૂ દસ્તાવેજોને ધ્યાને લેતા સામાવાળા માસિક રૂપિયા ૨૦,૦૦૦ જેટલી આવક ધરાવતા હોવાનું અનુમાન કરી શકાય.

સાદર કામે રજૂ થયેલા પૂરવા તેમજ દલીલોને અંતે આ કામના અરજી ના નિર્ણય માટે નીચેને મુદ્દાઓ ઉપસ્થિત થાય છે-

- શું અરજદાર પૂરવાર કરે છે કે આ કામના સમાવાળાઓએ તેઓની સાથે ઘરેલું હિંસા આચરેલ છે?
- શું અરજદાર ઘરેલું હિંસા અધિનિયમ અન્વાએ કલમ ૧૮ હેઠળ રક્ષણનો આદેશ મેળવવા હકદાર છે?
- શું અરજદાર કલમ ૧૯ અન્વયે રહેઠાણનો આદેશ મેળવવા હકદાર છે?
- શું અરજદાર કલમ ૨૦ અન્વયે ભરણપોષણ મેળવવા હકદાર છે?
- શું અરજદાર કલમ ૨૨ અન્વયે વળતર મેળવવા હકદાર છે?
- શું અરજદાર સામાવાળા દ્વારા ઘરેલુ હિંસા આચરેલ હોવાના કારણે વળતર મેળવવા હકદાર છે?

ઉપરોક્ત તમામ મુદ્દાઓના જવાબ હકારમાં મળેલા છે અને આખરી હુકમ નીચે મૂજબ છે:

**આખરી હુકમ-**

સામાવાળાઓને આદેશ કરવામાં આવે છે કે-

- તેઓએ અરજદાર સામે કોઈ પણ ઘરેલું હિંસા કરવી નહી.
- અરજદારને માસિક રૂપિયા ૪,૦૦૦ દર મહીને નિયમિત રીતે ચઢિયેથી અરજીની તારીખથી ભરણપોષણ ચુકવવા આદેશ કરવામાં આવે છે.
- ઘરેલું હિંસા અધિનિયમ ની કલમ ૨૨ મૂજબ માનસિક તેમજ ભાવાત્મક અત્યાચાર બદલ રૂપિયા ૫,૦૦૦ વળતર પેટે ચૂકવી આપવાનો આદેશ આપવામાં આવે છે.

Scanned with ACE Scanner

- અરજી ખર્ચ પેટે રૂપિયા ૨,૦૦૦ અલગથી ચૂકવી આપવા.
- રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરી આપવી અથવા મકાન ભાડા પેટે માસિક રૂપિયા ૨,૦૦૦ ચૂકવી આપવા હૂકમ કરવામાં આવે છે.

Scanned with ACE Scanner

## ફરિયાદ પક્ષના કેસ ની વિગત-

ફરિયાદી મારુતિ ફાયનાન્સ કંપની લિમિટેડ કે જે ધિરાણ આપવાનું કામ કરે છે. તેમણે આ કામના તહોમતદારને હુન્ડાઈ કંપનીની એક કાર ખરીદવા માટે શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે જરૂર મુજબ ધિરાણ આપેલ. તેમજ આ અંગેનો લેખિત કરાર પણ કરેલ. ધિરાણ માં મૂળ લોન ની રકમ રૂપિયા ૧૫,૦૦,૦૦૦ પૂરાની લોન આપેલ હતી. જેના હપ્તા  સમયસર ચુકવણી કરી આપવાના હતા. સદરહુ હપ્તાની ચુકવણી પેટે એડવાન્સ ચેક આપવામાં આવેલ હતા. આ કામના તહોમતદારને ચૂકવી જવા અનેક વખત જણાવ્યા તેમ છતાં રકમ ભરપાઈ ના કરતા બાદ ફરિયાદીને આખરે સદર વાહનનું વેચાણ કરવા ફરજ પડેલ.આ વાહન વેચાણ ની રકમ તહોમતદારને લોન ખાતા માં જમા કરેલ અને વિગતવાર નોટિસથી આ વાત ની જાણ પણ કરેલ તેમજ બાકી રહેતી રકમ સમયસર ચૂકવી જવા જણાવેલ. આમ છતાં તહોમતદારે બાકી રહેતી રકમ સમયસર ન જમા કરતા ફરિયાદ પક્ષે રૂપિયા ૧૨,૭૫,૦૦૦ પૂરા ની ઉઘરાણી કરી જે બદલ તહોમતદારે રૂપિયા ૧૦,૦૦,૦૦૦ પૂરા નો ચેક આપેલ અને ભરોસો આપવેલ કે સદર રકમ તેમના ખાતા માં મળી જશે.

પરંતુ, ફરિયાદી કંપનીને ચેક "ફંડ ઇન્સફીસીયંટ" ના શેરા સાથે વગર વસૂલાતે પરત મળ્યો. અને આ વાત ની જાણ નોટીસ ફરિયાદ પક્ષ દ્વારા તહોમતદારને કરવામાં આવેલ. આં છતાં, તહોમતદારે ફરિયાદી કંપનીની લેણી રકમ ચુકવી આપેલ ન હોય જેથી નામદાર કોર્ટમાં ફરિયાદ દાખલ કરવા માટેનું કારણ ઉપસ્થિત થયેલ હોય જેથી સદરહુ ફરિયાદ દાખલ કરવા અંગે કેસ તૈયાર કરો.

સદરુહ ફરિયાદ અંગેના મુદાઓ નીચે મુજબના છે:

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીએ ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ કલમ ૧૩૮ મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ હોઈ શકે?

## આખરી હુકમ-

આ કામના આરોપી ને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની  કલમ ૧૩૮ મુજબ સજાને પાત્ર ગુનામાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩  હેઠળ તકસીરવાન ઠરાવી, આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ મુજબ ચેક ની રકમ બે માસમાં ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવ્યો. જો આરોપી ઉપર મુજબ ચુકવણી કરવામાં કસુર કરે તો વધુ ૩ માસની સાદી કેદની સજા તેમજ એ અગાઉ કોઈ બેઇલ બોન્ડ રજુ કરેલ હોય તો તે રદ કરવાનો હુકમ કરવામાં આવ્યો.

Scanned with ACE Scanner

# શાલિની વિ.યુનિયન ઓફ ઇન્ડિયા

આ કેસમાં અમદાવાદ, 'વૃંદા હોસ્પિટલ' ની નર્સ શાલિની ઉપર 23 નવેમ્બર, ૧૯૯૫ ના રોજ વોર્ડબોયે તેણીના ગળે કુતરો બાંધવાની સાંકળ વીટાડીને બળાત્કારનો પ્રયત્ન કર્યો હતો.

આ હાલતમાં તેણી ૨૪ નવેમ્બર સવારે 7-45 કલાક સુધી પડી રહી પરીણામે તેણીના મગજને ઓક્સીજન ન પહોંચતા તે ત્યારથી (30 વર્ષથી) કોમાંમા છે

કૃત્રિમ સાધનોની સહાય વડે તેનું જીવન ટકાવી રાખવામાં આવ્યું હતું. તેણીને બ્રેઈન ડેડ જાહેર કરી તેણીની લાઈફ સપોર્ટીંગ સિસ્ટમ ખસેડવા માટે સર્વોચ્ચ અદાલતમાં દયા મૃત્યુ માટે પરવાનગી મેળવવા માટે તેમના મિત્ર પૂજા હિંગોળા દ્વારા સર્વોચ્ચ અદાલતને અરજી કરવામાં આવી હતી.

આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે ઈચ્છા મૃત્યુ બે પ્રકારે હોય છે

૧. સક્રિય અને

૨. નિષ્ક્રિય.

- આપણા દેશમાં ઈચ્છા મૃત્યુન અંગે કાયદો ન હોવાથી ઈચ્છા મૃત્યુની પરવાનગી આપી શકાય નહીં.
- કૃત્રિમ સાધનોની સહાયથી શ્વાસ તેમજ ખોરાક પુરો પાડવામાં આવતો હોવાનું ખરું છે. પરંતુ, તેણી પોતાના હાથ વડે હાવભાવ પ્રગટ કરી શકતી નથી.
- શાલિનીને બ્રેઈન ડેડ જાહેર કરવાનો ઇનકાર કર્યો. તબીબી અભિપ્રાય હોય તો જ દયા મૃત્યુની પરવાનગી આપી શકાય. આ કેસમાં આવો કોઈ પૂરાવો રજૂ કરાયો ન હતો. તેથી દયા મૃત્યુની પરવાનગી આપવામાં આવી ન હતી.

Scanned with ACE Scanner